ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬

Fax : (079) 26302654
Telephone : 26301341-26300342-43
26300126

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બોક્સ નં ૪૦૧૦,
નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯

# ગુજરાત યુનિવર્સિટી
## GUJARAT UNIVERSITY
www.gujaratuniversity.org.in

Office of the Gujarat University,
Post Box No 4010,
Navarangpura, Ahmedabad - 380 009

નં.સ્કોલરશીપ સેલ/ ૫૨૯૬૭ /2025 તા. 17/03/2025 ૧૭

પ્રતિ,

1. યુનિવર્સિટીના ભવનોના ડાયરેક્ટરશ્રીઓ...
2. યુનિવર્સિટીના વિભાગોના વડાશ્રીઓ...

વિષય: વર્ષ 2024-25ના વર્ષની અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની પોસ્ટ-મેટ્રીક શિષ્યવૃતિ બાબત.
સંદર્ભ: નાયબ નિયામક અનુ. જાતિ કલ્યાણ ની કચેરી અમદાવાદ એ બ્લોક, 10 મો માળ, બહુમાળી ભવન લાલદરવાજા અમદાવાદનો પત્ર ક્રમાંક નં.ના.નિ/અજાક/શિક્ષણ/2024-25/2306, તા.17-03-2025 નો પત્ર વૉટ્સએપ ગ્રુપ દ્વારા મળ્યા તા.18-03-2025.

માનનીય સાહેબશ્રી,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે નાયબ નિયામક અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી, એ બ્લોક, 10 મો માળ, બહુમાળી ભવન, લાલદરવાજા અમદાવાદ પત્રાંક નં.ના.ની/અજાક/શિક્ષણ/2024-25/2306 અનુસાર નીચેની વિગતોની માહિતી સત્વરે દિન:02માં સ્કોલરશીપ સેલ, ગુજરાત યુનિવર્સિટી, નવરંગપુરા, અમદાવાદ ને મોકલવા વિનંતી.

1. ચાલું વર્ષનું જોડાણ
2. સરકારશ્રી દ્વારા માન્ય વર્ષની FRC
3. માન્ય પ્રવેશ સંખ્યા તથા કોર્ષની માન્યતાના આધારોનીં નકલ
4. મીનીટસ ઓફ મીટીંગમાં નકકી થયેલ ફી સ્ટ્રકચર જેમાં હાજર રહેલ તમામ સભ્યોની સહીવાળું પત્રક.

આભાર,

નોડલ ઓફીસર
(સ્કોલરશીપ સેલ)

બિડાણ :- ઉપર મુજબ
નકલ રવાના:

1. નાયબ નિયામક અનુ. જાતિ કલ્યાણ ની કચેરી
 અમદાવાદ એ બ્લોક, 10 મો માળ, બહુમાળી ભવન,
 લાલદરવાજા અમદાવાદ.

નાયબ નિયામક અનુ.જાતિ કલ્યાણ ની કચેરી અમદાવાદ
એ બ્લોક , ૧૦મો માળ, બહુમાળી ભવન, લાલ દરવાજા
મદાવાદ ફોન-.ફેકસ- (૦૭૯) ૨૫૫૦૧૧૨૩
Email : dbcwo-ahd@gujarat.gov.in

નં.ના.નિ/અજાક/શિક્ષણ/૨૦૨૪-૨૫/ ૨૩૦૬ તા. ૧૭/૦૩/૨૦૨૫

પ્રતિ,

૧. માન. રજીસ્ટારશ્રી, ગુજરાત યુનિવર્સિટી, નવરંગપુરા, અમદાવાદ.
૨. માન. રજીસ્ટારશ્રી, ગુજરાત ટેકનોલોજીકલ યુનિવર્સિટી, વિસત રોડ, ચાંદખેડા, અમદાવાદ. (ફકત અમદાવાદ જિલ્લા પુરતું)
૩. માન. રજીટારશ્રી, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, છારોડી, અમદાવાદ.
૪. ઔદ્યોગિક તાલીમસંસ્થા, કુબેરનગર, અમદાવાદ.
૫. માન. રજીસ્ટારશ્રી, ગુજરાત નર્સિંગ કાઉન્સિલ. સિવિલ હોસ્પિટલ કેમ્પસ, અમદાવાદ.
૬. અમદાવાદ જિલ્લાની તમામ ખાનગી યુનિવર્સિટીઓ તથા કોલેજો
૭. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (શહેર) બહુમાળી મકાન, વસ્ત્રાપુર, અમદાવાદ.
૮. જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (ગ્રામ્ય) બહુમાળી મકાન, વસ્ત્રાપુર, અમદાવાદ.

વિષય :- વર્ષ ૨૦૨૪-૨૫ ના વર્ષની અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની પોસ્ટ-મેટ્રીક શિષ્યવૃત્તિ બાબત

સવિનય ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, નાણાંકીય વર્ષ ૨૦૨૪-૨૫ પૂર્ણ થવાને આરે હોઈ જે અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓનું ઓનલાઈન પોસ્ટ-મેટ્રીક શિષ્યવૃત્તિનું ફોર્મ ભરાઈ ગયેલ હોઈ તેવા વિદ્યાર્થીઓની શિષ્યવૃત્તિની હાર્ડકોપી અત્રેની કચેરીમાં જમા કરાવવા તથા ઓનલાઈન શિષ્યવૃત્તિની અરજીઓ પણ કચેરીના લોગીનમાં સેન્ડ કરવા વિનંતી છે.

ઉકત બાબતે વધુમાં જણાવવાનું કે, ચાલું નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માં શિષ્યવૃત્તિની હાર્ડકોપી કચેરીમાં જમા કરાવવા માટે આવે ત્યારે ચાલું વર્ષનું જોડાણ, સરકારશ્રી દ્વારા માન્ય વર્ષની FRC, માન્ય પ્રવેશ સંખ્યા તથા કોર્ષની માન્યતાના આધારોની નકલ પણ શિષ્યવૃત્તિના ફોર્મની સાથે સામેલ રાખવા વિનંતી છે તથા પ્રાઈવેટ યુનિવર્સિટીના કિસ્સામાં BOM/BOD ની મીનીટસ ઓફ મીટીંગમાં નક્કી થયેલ ફી સ્ટ્રકચર જેમાં હાજર રહેલ તમામ સભ્યોની સહીવાળું પત્રક પણ સામેલ રાખવા વિનંતી છે. જો સદર પત્રકો હાર્ડકોપી સાથે સામેલ રાખેલ નહી હોય તો તેવી સંસ્થાની શિષ્યવૃત્તિની હાર્ડકોપી કચેરીમાં જમા લેવાશે નહી જે સુચનાઓ આપની કક્ષાએથી આપના તાબા હેઠળની સંસ્થાઓને કરવા વિનંતી છે.

વધુમાં, વર્ષ ૨૦૨૪-૨૫ માં અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓની પોસ્ટ-મેટ્રીક શિષ્યવૃત્તિની અરજીઓ જો સંસ્થાના લોગીનમાં આવેલ હોય અને જો મંજૂર કરવાપાત્ર હોય તો તાત્કાલિક મંજૂર કરી અત્રેની કચેરી લેવલે સેન્ડ કરવા વિનંતી છે સદર સુચનાઓ અત્રેથી વારંવાર સંસ્થાઓને ટેલિફોનિક માધ્યમ દ્વારા તથા ગ્રુપમાં વડી કચેરી તરફથી મોકલેલ એક્સેલ ફાઈલો વખતોવખત ગ્રુપમાં મોકલી આપવામાં આવે છે. સદર બાબતને ગંભીરતાથી લઈને કાર્યવાહી કરવા આપના તાબા હેઠળની શાળાઓ તથા કોલેજોના આચાર્યશ્રીઓને જાણ કરવા વિનંતી છે તથા શિષ્યવૃત્તિની હાર્ડકોપી જો કચેરીમાં જમા કરાવવાની બાકી હોય તો તે પણ તાત્કાલિક દિન-૦૩ માં કચેરી લેવલે મોકલી આપવા વિનંતી છે.

નાયબ નિયામક
અનુસુચિત જાતિ કલ્યાણ અમદાવાદ

નકલ સવિનય રવાના :-
માન. નિયામકશ્રી, અનુ.જાતિ કલ્યાણની કચેરી, ૪/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.